ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૬-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદીના હિંદીપ્રેમને આવકારીએ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્રહિતમાં પોતાનો યોગ્ય લાગે એવા નિર્ણયો લેવામાં મોડું નથી કરતા અને એક વાર નિર્ણય લેવાઈ ગયા પછી એને વળગી રહે છે. લાલબહાદુર શાસ્ત્રી, ચંદ્રશેખર, ચરણસિંહ બલકે નરસિંહરાવ સુદ્ધાં હિન્દીના હિમાયતી હોવા છતાં હિંદીમાં પ્રશાસન ચલાવવાનો આગ્રહ નહોતા રાખી શક્યા. વાજપેયીએ યુનોમાં હિંદીમાં ભાષણ જરૂર કર્યું હતું પરંતુ દક્ષિણના નેતાઓની નારાજગીની બીકે હિંદીને રાષ્ટ્રભાષા તરીકે વિકસાવી નહોતા શક્યા. નરેન્દ્રભાઈએ એ દિશામાં પહેલ કરી છે. દેશ આઝાદ થયો એ પહેલાંથી મહાત્મા ગાંધી જેવા આર્ષદ્રષ્ટાએ આ દેશનો વહીવટ એની પોતાની ભાષામાં થવો જોઈએ અને તે ભાષા કેવળ હિન્દી, બલકે સામાન્ય માણસ પણ સમજી શકે એવી ઉર્દૂ જબાનના શબ્દો સહિત પ્રાદેશિક ભાષાઓને પણ આત્મસાત્ કરતી 'હિન્દુસ્તાની' જ હોઈ શકે, એવો આગ્રહ સેવ્યો હતો. તત્કાલીન વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ હિંદી પ્રચારને પણ રાષ્ટ્રીય કાર્ય ગણતા હતા. મહાત્મા ગાંધીએ મધ્ય ભાગના ઈંદોર શહેરમાં છેક ૧૯૧૮ની સાલમાં હિંદી પ્રચાર સમિતિની ઈમારતનું શિલારોપણ કર્યું હતું. અમદાવાદ ખાતે ૧૯૨૦માં મહાત્મા ગાંધીએ સ્થાપેય ગુજરાત વિદ્યાપીઠ એક રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા હતી અને શ્રમ સાથેની કેળવણીમાં હિંદી પ્રચારને પણ વિશેષ મહત્ત્વ અપાયું હતું. સ્વતંત્રતા પછી સંસદમાં હિંદીને રાષ્ટ્રભાષાનો દરજ્જો અપાવવાના પ્રયાસો નિષ્ફળ ગયા એનું સૌથી મહત્ત્વનું કારણ દક્ષિણનાં રાજયો દ્વારા થયેલ વિરોધ હતો. દક્ષિણનાં રાજયોના નેતાઓને એવો ભય પેસી ગયો હતો કે હિંદીને રાષ્ટ્રભાષાનો દરજ્જો મળી જતાં એમની પ્રાદેશિક ભાષાઓ હાંસિયે ધકેલાઈ જશે. વિશેષપણે આ વિરોધ તમિળભાષી અને મલયાળમ ભાષી લોકો દ્વારા કરાયો હતો. તમિલ દેશની અત્યંત સમૃદ્ધ ભાષા છે અને એ સંસ્કૃતથી પણ જૂની હોવાની માન્યતા છે. આમ હિંદીનો સાર્વત્રિક સ્વીકાર ન થતાં પંડિત જવાહરલાલ નહેરૂની સરકારે દેશની તમામ ભાષાઓને 'રાજભાષા' ગણવાનું વલણ અપનાવ્યું અને કેન્દ્ર સરકારના વહીવટમાં હિંદી તેમજ અંગ્રેજી - બેઉને રાજભાષાનો સમાન દરજ્જો અપાયો. અંગ્રેજોના વખતથી શાસન-પ્રશાસનની અને શિક્ષણના માધ્યમની ભાષા રહેલી અંગ્રેજીને મહાત્મા ગાંધી ગુલામીનું પ્રતીક ગણી ધીરે ધીરે એને વહીવટી ભાષા તરીકે નાબૂદ કરવા ઈચ્છતા હતા. શિક્ષણ તો માતૃભાષામાં જ અપાવું જોઈએ એવો એમનો સ્પષ્ટ આગ્રહ હતો. પરંતુ વહીવટમાં પડેલા બાબુવર્ગને અંગ્રેજી અનુકૂળ આવી ગઈ હતી અને હિંદીમાં વહીવટી શબ્દકોશ બનાવાયો તે વધુ પડતો ક્લિષ્ટ હતો. આથી હિન્દી કેન્દ્રની વહીવટ ભાષા બની જ નથી શકી એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. આવા સંજોગોમાં નવી સરકારની ધુરા સંભાળતાંની સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હિંદીમાં વહીવટી કાર્યવાહી કરવાનો આદેશ કરીને બહુ જ હિંમતભર્યું પગલું ભર્યું છે. એ પોતે બહુ સારું હિંદી બોલી શકે છે અને દેશની મોટા ભાગની પ્રજા હિંદી સમજી શકે છે. તેથી એમણે એક રીતે જોતાં આ લોકપ્રિય પગલું ઉઠાવ્યું ગણાય. પરંતુ દક્ષિણના નેતાઓને એમની આ હિંદી પ્રીતિ ખટકી છે. હિંદી વિરોધના મુદ્દે જ રાજકારણ ચલાવતા દ્રવિડ મુનેત્ર કળગમના વડા અને તમિલનાડુનાં પૂર્વ મુખ્યમંત્રી એમ. કરૂણાનિધિએ મોદીને હિંદીનો પ્રચાર કરવાનું છોડી વિકાસ કાર્યો તરફ ધ્યાન આપવાની સલાહ પણ આપી દીધી છે. અન્ના ડીએમકેનાં નેતા અને તમિલનાડુંના મુખ્યમંત્રી જયલલિતા પણ હિંદીના મુદ્દે વર્તમાન સરકારને સમર્થન નહીં આપી શકે. તેવા સંજોગોમાં રાષ્ટ્રને એકતાના સૂત્રમાં પરોવતી 'રાષ્ટ્રભાષા' તરીકે પ્રજાની ભાષાને પ્રોત્સાહન આપવાનું મોદી માટે જોખમ ભર્યું તો છે જ, પરંતુ એમનું આ સાહસ જરૂર બિરદાવવા જેવું છે. જે કામ અટલ બિહારી વાજપેયી પણ ન કરી શક્યા અને કોંગ્રેસે તો હિંદીના નામનું નવરામણિયું જ કરી નાખ્યું હતું - તે જો નરેન્દ્ર મોદી કરી બતાવશે તો દુનિયામાં ભારત ઉન્નત મસ્તકે કહી શકશે કે અમારી પણ આગવી રાષ્ટ્રભાષા છે. અમારે અંગ્રેજીનો સેતુભાષા તરીકે જ ખપ છે, એથી વિશેષ નહીં. ગૃહખાતાએ હિંદીમાં વહીવટ શરૂ પણ કરી દીધો છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને હંમેશા એ મુદ્દે વસવસો રહ્યો હતો કે પોતે હિંદી નહીં બોલી શકતા હોઈ વડાપ્રધાન ન બની શક્યા. મોદી વાજપેયી જેવું જ પ્રાંજલ હિંદી જાણતા હોઈ હવે વિદેશોમાં પણ હિંદીમાં જ ભાષણો કરશે. પ્રશ્ન રાષ્ટ્રીય અસ્મિતાનો છે! અભિનંદન નરેન્દ્રભાઈ!

# શહેરની સરકારી શાળાઓમાં ધામધૂમપૂર્વક પ્રવેશોત્સવની ઉજવણી

## સરકારી અધિકારી અને મનપાના પદાધિકારીઓએ બાળકોની કુમળી આંગળી પકડી પ્રવેશ કરાવ્યો

ગાંધીનગર, તા.૨૦

રાજયમાં આજથી શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બે દિવસ શહેરી વિસ્તારની શાળામાં બાળકોને પ્રવેશ કરાવવામાં આવશે. આજે ગાંધીનગરની સેકટર-૨ પ્રાથમિક શાળા, સેકટર-૨૪/૧, સેકટર-૨૯/૧ અને જીઈબી પ્રાથમિક શાળામાં અધિકારીઓ અને મનપાના પદાધિકારીઓએ બાળકોને પ્રવેશ કરાવ્યો હતો.

નગરની સેકટર-૨ પ્રાથમિક શાળામાં જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર અને લાયોનેસ કલબ ઓફ ગાંધીનગરના સહયોગથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. મનપાના સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન આશિષભાઈ દવેએ ધોરણ-૧માં બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે દવેએ જણાવ્યું હતું કે બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રવૃત્ત રહેવા શિક્ષકગણને કહ્યું હતું. આજનું બાળક આવતીકાલનું ભારત છે તેથી કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે વાલીઓને પણ સજાગ રહેવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ચેરમેન આશિષભાઈએ બાળકોની સાથે પ્રિતી ભોજન લીધું હતું અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. પ્રવેશોત્સવમાં શ્રીમતી ચંદાબેન યાદવે સેકટર-૨ પ્રાથમિક શાળાને એક વર્ષ માટે દત્તક લેવાની જાહેરાત કરી હતી. ચંદાબેને આ શાળામાં અભ્યાસ કરતા બાળકો પોતાનું નામ રોશન કરે તે માટે તમામ જરુરી પગલા લેવા પણ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં જાયન્ટસ ગૃપ પ્રમુખ સુનિલ મિશ્રા, મંત્રી મનિષ ગોસ્વામી, મુકેશ જાની, કિરણ પટેલ, શૈલેષ સોની, દક્ષા જાદવ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



સેકટર-૨૪/૧ સરકારી પ્રાથમિક શાળામાં રમતગમત વિભાગના સચિવશ્રી ભાગ્યેશભાઈ જહાએ શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. જહા સાહેબે શાળાના બાળકોને ઉજ્જવળ ભવિષ્યની કલ્પનાઓથી પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે શાળાની બાલિકાઓએ દેશ ભકિત ગીત સાથે નૃત્ય રજુ કર્યું હતું. મનુષ્યનું બડા મહાન હે ગીતથી વાતાવરણ ભકિતમય બની ગયું હતું. આ પ્રસંગે મહેમાનોના હસ્તે આંગણવાડીના બાળકોને રમકડાની કીટ અને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમજ ધોરણ-૧ના બાળકોને કુમકુમ તિલક કરી દફતર સહિત શૈક્ષણિક કીટનું વિતરણ અને શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સેકટર-૨૯/૧ પ્રાથમિક શાળામાં મેયર મહેન્દ્રસિંહ રાણા દ્વારા ધોરણ-૧માં બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. શાળાનું પ્રથમ પગથિયું ચડતા બાળકોને વ્હાલથી ભણાવવા માટે શિક્ષકગણને જણાવ્યું હતું. આ પ્રસંગે ભાજપના જિલ્લા ઉપપ્રમુખ બિપિન રાવલ, કોર્પોરેટર હર્ષજીત પંડયા, સી.આર.સી. નયનાબેન બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. મનપાના પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમારે બાળકોને તિથિ ભોજન કરાવ્યું હતું. ચંદુભાઈએ બાળકોને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

તેમજ જીઈબીમાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં મેયર, ડેપ્યુટી મેટર, જીઈબીના ઈજનેર આઈ.એમ. પટેલ, કોર્પોરેટર હંસાબેન મોદીએ બાળકોની કોમળ આંગળી પકડી પ્રવેશ કરાવ્યો હતો. શાળામાં આંગણવાડી અને ધોરણ-૧ના બાળકોને પ્રવેશ કરાવતી વખતે મેયરે જણાવ્યું હતું કે શાળામાં બાળકો ડ્રોપ આઉટ ન થાય તે માટે શાળાના શિક્ષકોને ધ્યાન આપવા જણાવ્યું હતું. બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે પણ શિક્ષકોએ જવાબદારી નિભાવવી પડશે. શાળાનું બાળક વિશ્વ કક્ષાએ નામ રોશન કરશે ત્યારે શાળાનું જ ગૌરવ બનશે. આ પ્રસંગે પરમજીત છાબડા દ્વારા શાળાના દરેક બાળકને નોટબુક અને પુસ્તકો આપવામાં આવ્યા હતા.

# સેક્ટર-૬ સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૧માં ૨૬ બાળકોએ પગલા પાડ્યા

ગાંધીનગર, તા. ૨૦

શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી રહી છે. જે બાળકોએ શાળાનું પગથિયું જોયુ નથી તેમને શાળાના પટાંગણમાં બેસાડવામાં આવી રહ્યા છે. શિક્ષણની સાધના થકી બાળક ભવિષ્યમાં શિખરો સર કરે તે માટે શાળામાં પ્રવેશ કરાવવામાં આવી રહ્યો છે. શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે સેક્ટર-૬ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

ગાંધીનગરના સેક્ટર-૬માં આવેલી સરકારી પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં મનપાના સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પ્રવેશોત્સવની શરૂઆતમાં બાળકોએ મનુષ્ય ગૌરવ ગાન રજુ કર્યુ હતુ. આ પ્રસંગે શાળાનું વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતુ. આંગણવાડીમાં ૪૦ અને ધોરણ-૧ માં ૨૬ બાળકોના કુમકુમ પગલા શાળાના પટાંગણમાં પાડવામાં આવ્યા હતા. સર્વે બાળકોને ચેરમેને કંકુ તિલક કરી પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રસંગે ધોરણ-૩ થી ૮ના તેજસ્વી વિદ્યાર્થીઓને ચેરમેનના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં ધોરણ-૩માં સંધ્યા કારડિયા, અનિતા રાઠોડ અને પ્રકાશ ખત્રી, ધોરણ-૪માં શની ઠાકોર, સાજન ધરજીયા અને પ્રિયાંશી દેસાઈ, ધોરણ-૫માં પ્રવિણ ઠાકોર, રમજાન સંધિ અને પ્રિયંકા બરજોડ, ધોરણ-૬માં દિલબાનું સંધિ, હર્ષવડવાતર અને હંસા પરમાર, ધોરણ-૭માં દર્શન પટેલ, હિરેન શેઠિયા અને શિતલ પઢિયાર અને ધોરણ-૮માં અવિનાશ કોડી, તેજલ ઠાકોર અને વિજયસિંહ ઠાકોરને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં આશિષ દવેએ જણાવ્યું હતું કે શહેરની ઘણી બધી શાળાઓમાં પ્રવેશોત્સવ કરાવ્યો છે. મારા મતે સૌથી સારી શાળા સેક્ટર-૬ની છે. શહેરીજનો પોતાના બાળકોને ખાનગી શાળામાં અભ્યાસ કરાવે છે ત્યારે ખાનગી શાળાના શિક્ષણ કરતા આ શાળાનું શિક્ષણ ખુબજ સારૂ છે. પહેલાના જમાનામાં આશ્રમ શાળાઓ હતી. આશ્રમ શાળાનું સ્થાન આધુનિક શાળાઓએ લઈ લીધુ છે. ત્યારે આ શાળા આધુનિક શાળાથી કાઈ કમ નથી. તેમણે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વખાણ કરતા કહ્યું હતું કે મોદીજીએ જ રાજયમાં શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી જેને ખુબ સારી પ્રતિસાદ મળી રહ્યો છે.

શાળામાં પ્રવેશેલા બાળકોને મહાનગર પાલિકા દ્વારા શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. જેમાં સ્લેટ, પેન, કંપાસ સહિતની સામગ્રી આપવામાં આવી હતી. ઈલાબેન પંડ્યા, મંજુલાબેન પટેલ અને ગીતાબેન ઠાકોર દ્વારા તિથિ ભોજન આપવાની જાહેરાત કરાઈ હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા નોટબુક અને પેન તેમજ સ્મિતાબેન જાની દ્વારા લંચબોક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ૧૦૦ જેટલા અલગ અલગ વૃક્ષોના રોપા રોપવામાં આવ્યા હતા.



## હરિની દ્રષ્ટિ...




યાર, બચપણથી મોદી જેવો જ સ્વભાવ ધરાવું છું, પરંતુ લગ્ન બાદ મનમોહન જેવી લાઈફ થઇ ગઇ છે...!!


## WEEKEND CREATIONS...

- BHARVI DANI (HILLWOODS SCHOOL, CLASS-VIII)

### Commitment To The Nation

**Hi friends,**

Whenever we think of Indian army the first image formed in our mind is of a person who stands straight like a pillar and serves our country, saves our country without any pain. An Indian Soldier's duty is to be at the borders day, night and in any season and always be alert and ready to die any-time for the country. They leave their family only to



serve their motherland and to keep the civillians of the country safe. An Indian soldier's duty is never over. He serves the country till he is alive and even on holidays. Indian Soldiers have always helped in the time of natural calamites. The Indian forces have shown a great hand in keeping the civillians safe. Everyone remembers the Uttrakhand floods but no one remembers the brave soldiers who rescued them. They lied down on the bridges, roads that were harsh and it was unable to walk or cross those ar-eas. The people walked on them and crossed those areas. They are saviours for us. When they leave their families, their kids, parents, wife, sister, brother they feel like they are leaving the whole world. Their families live in a hope that their father, husband, son, brother will soon come back to meet them. Many such movies have been made in the praise of the Indian soldiers and given them courage to get up and fight again. Some Superhits are the recent HOLIDAY-A soilder is never off duty, BORDER, LAKSHYA, PRAHAR, INDIAN etc. All these movies show what kind of commitment and level of sacrifice they do while executing their duties. These movies show that how it is difficult to leave their families and miss them at the borders by only seeing a single picture of them in their wallet. At last I dedi-cate this article to all the brave soldiers and salute them for their work.

'JAI HIND'

# 'તેજસ્વી બાળક : તેજસ્વી ભારત' આ મહાન સૂત્રનો નાદ ઘર-ઘરમાં ગૂંજે અને ગુજરાત સમગ્ર વિશ્વનું પથદર્શન કરવાની ઊર્જા મેળવે એવી ભાવના સાથે વિરમું છું

## ચાલો, તેજસ્વિતાનું અવતરણ કરીએ !

- હર્ષદ પ્ર. શાહ

ભારત તેજકિરણોની ભૂમિ છે. ઋષિઓએ અહીં જ્ઞાનની ઉપાસના કરી છે. ભારતનું જ્ઞાન સમગ્ર જગતમાં પ્રસર્યું છે. અન્ય દેશોના અનેક સત્પુરુષોએ ભારતનું ઋણ સ્વીકાર્યું છે. ભારતના મહાન પૂર્વજોએ... જ્ઞાની પુરુષોએ કોઈ પણ ક્ષેત્રને વણસ્પર્શ્યું રાખ્યું નથી. અહીંના જ્ઞાનીઓએ જીવનને સમગ્રતાથી જોયું છે, ખંડખંડમાં નહીં. અખિલાઈથી જીવવાવાળો આ દેશ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ — ચાર પુરુષાર્થો વર્ણવતા આ શબ્દો ઠાલા નથી, અર્થસભર છે.

કામને અહીં વાસનાની દ્રષ્ટિએ જોવામાં નથી આવ્યો, ઉપાસનાની દ્રષ્ટિએ જોવામાં આવ્યો છે. વર્તમાન યુગનાં અનિષ્ટોની ભરમાર વચ્ચે પણ અહીં આજેય 'ઈષ્ટ'ની આરાધના ચાલુ છે.

એ વાત સાચી છે કે ભારત જેવું મહાન રાષ્ટ્ર અત્યારે અનેક વ્યાધિઓથી પિડાઈ રહ્યું છે. સત્ત્વ ઉપર તમસ કબજો જમાવીને બેઠું છે. પણ ઉપર દેખાતી રાખની નીચે હજુ અંગારો પ્રજ્વલિત છે. જરૂર છે માત્ર રાખને ફૂંક મારીને ઉડાડવાની.

આ રાખ ઉડાડવી એટલે ભારતના પ્રાચીન ગર્ભવિજ્ઞાનને સજીવન કરવું. ગર્ભવિજ્ઞાનના શાસ્ત્ર અને સંશોધનનું મહત્ત્વ ભારત કરતાં ફ્રાંસ, જર્મની જેવાં રાષ્ટ્રો વધુ સમજ્યાં હોય એમ લાગે છે. તેઓ 'અભિમન્યુ પ્રકલ્પ' ચલાવે છે... અને શ્રેષ્ઠ સંતતિને જન્માવવાની મથામણ કરે છે. આપણે આપણાં બાળકોને ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા અને અભિમન્યુની વાર્તાઓ કહીએ છીએ.... વીર શિવાજી, મહારાણા પ્રતાપ, ઝાંસીની રાણી અને દુર્ગાવતીનાં યશોગાન કરીએ છીએ... સ્વામી વિવેકાનંદ જેવા ધર્મયોદ્ધાની જન્મશતાબ્દીઓ ઉજવીએ છીએ... પ્રસંગોપાત્ત, વારે-તહેવારે જગદીશચંદ્ર બોઝ, રામાનુજન્, સી.વી. રામન કે વિશ્વેશ્વરૈયા જેવા વિજ્ઞાનીઓનું સ્મરણ આપણા વિદ્યાર્થીઓને કરાવી દઈએ છીએ... પણ, આપણું પોતાનું બાળક એવી જ કોઈક વિભૂતિ બનીને જગતને અજવાળે એ દિશામાં તો આપણે કાંઈ કરતા નથી !

જીવનની યાંત્રિકતાનાં દર્શન થાય છે ! એક યુવક અને એક યુવતી પરણે, સંસારમાં પગલાં માંડે, યુવતી માતા બની જાય, યુવકને પિતા તરીકેનું પ્રમોશન મળી જાય, બાળક માંડ બે-સવા બે વર્ષનું થાય અને સારા પ્લેગ્રુપનું સંશોધન થાય, બાળકને હાઈ-ફાઈ સ્કૂલમાં અને ટ્યૂશનની આધુનિક જેલમાં ધકેલી દઈને પરિવારજનો મુક્તિનો શ્વાસ લે ! અને આમ, જીવનચક્ર ચાલતું જ રહે... કારકિર્દી અને ધનપ્રાપ્તિ સાથે શિક્ષણનો જેમ તેમ મેળ બેસાડવામાં આવે... આ બધાથી ઉપર ઊઠીને વિચારવું પડશે. આમેય જીવનની યાંત્રિકતા અને ભોગવાદિતાના અભિશાપને આપણે વરદાન સમજીને તો આવકાર્યો જ છે... પણ, એથી આગળનો, તેજસ્વી ભાવિનો પથ નહીં દેખાય !

આ બધામાંથી ઉગરવાનો શ્રેષ્ઠ માર્ગ છે — દરેક પરિવારે શ્રેષ્ઠ સંતાનનું આવાહન કરવું અને રાષ્ટ્રને પુનઃ રત્નોની ભેટ આપવી.

આપણા આ સમાજની માતાઓને એમ કહેવાનું મન થાય છે કે હે ભારતીય નારી ! તમારી સંકલ્પ-શક્તિથી, સર્જનશક્તિથી અને ઋષિઓએ આપેલા ગર્ભવિજ્ઞાનના જ્ઞાનથી ગુણવાન, શીલવાન, શૂરવીર, બળવાન, ધૈર્યવાન, સ્વસ્થ, આનંદી, તેજસ્વી અને બુદ્ધિમાન સંતાનોથી આ ધરતી ભરી દો... ઈશ્વર આજે પણ અવતરી શકે છે, જો માતાપિતામાં દામ્પત્યજીવનના શુભારંભથી જ ભક્તિભાવ, શ્રદ્ધાભાવ અને દિવ્ય આકાંક્ષા સહિત તપશ્ચર્યા, સંતાનોપાસના કરવાની તૈયારી હોય તો... ! છે કોઈ તૈયાર ? ઈશ્વરરૂપી પ્રભુતા અવતરવાની રાહ જુએ છે... !

આપણા પરિવારોએ એ જાણવા, સમજવાની જરૂર છે કે પરિવારની કોઈ પણ સ્ત્રી... પુત્રવધૂ કે પુત્રી માતા બનવાના સંકેત આપે તો એ મહામૂલો સમાજોત્સવ છે. કોઈ મહાન આત્માને પરિવારના અંશ તરીકે આવકારવાની એ મહાન ક્ષણ છે. આનંદ અને ઉત્સાહથી એનું સ્વાગત કરો. જે માતાના ઉદરમાં જીવ પ્રવેશ્યો છે... મહાન આત્માનું આગમન થયું છે તે માતા હવે ઈશ્વરી ચૈતન્યનો હિસ્સો બની ગઈ છે. હવે એ માતાનું ગર્ભાશય એ શરીરનું કેવળ એક અંગ નહીં, પણ મહાન પાઠશાળા છે... વિદ્યાપીઠ છે ! એમાં નવ મહિના સુધી ગર્ભનું શિક્ષણ થવાનું છે. ગર્ભસ્થ શિશુ માટે ગર્ભાશયનું ગર્ભજળ એ અમૃતનો મહાસાગર છે. એ ગર્ભની અંદર ભલે હોય, એ સમગ્ર બ્રહ્માંડ સાથેનું તાદાત્મ્ય અનુભવે છે. માતાના શરીરના કરોડો કોષ એ એના કાન છે. એનાથી બાહ્ય જગતને એ સાંભળે છે, માણે છે અને સમજે છે. એ બહુ સમજવા જેવી વાત છે કે જન્મ પછી તો બાળક બે કાનથી જ સાંભળે છે, પણ ગર્ભમાં હોય ત્યારે માતાના કરોડો કોષરૂપી કરોડો કાનથી એ સાંભળે છે અને જ્ઞાન ગ્રહણ કરે છે.

ગર્ભસ્થ શિશુની શ્રવણેન્દ્રિયના આ ચમત્કારથી, માતાના માધ્યમથી એ એના જીવનનું કુલ ૮૦% જ્ઞાન ઉદરરૂપી પાઠશાળામાં જ મેળવી લે છે. આટલું જ રહસ્ય જો આપણી માતાઓ સમજે તો આ ધરતી વિભૂતિઓથી ઊભરાઈ જાય.

આમ, એ સ્થાપિત થાય છે કે માતા એ બાળકની પ્રથમ અને મહાન વિદ્યાપીઠ છે અને માતા જ એની પ્રથમ ગુરુ છે. તો, આ સંકલ્પનાના આધારે માતાએ જ શ્રેષ્ઠત્વની ઉપાસના કરવી જોઈએ અને અજન્મા બાળકની અંતર્યાત્રાને સુખદ અને જ્ઞાનવર્ધક બનાવવી જોઈએ. માતા જે બોલે છે તે બધું બાળક સાંભળે છે, માતા જે વિચારે છે તેનાં સ્પંદનો બાળક ઝીલે છે, માતા જે આચરણ કરે છે તેની સીધી અસર બાળક પર પડે છે.

આ ખૂબ મહત્ત્વનો અને સંવેદનશીલ સમયગાળો છે કે જેમાં પરિવારજનોએ અને માતાપિતાએ બહુ સાવધાન રહેવાની જરૂર છે. પરિવારનું વાતાવરણ એવું બનાવવું જોઈએ કે રાગ, દ્વેષ, કલેશ, કલહ અને ક્રોધ જેવાં અનિષ્ટો આઘાં રહે... માતાને કે બાળકને ન જ સ્પર્શે. એ સમયગાળામાં તો સ્નેહ, સમર્પણ, ત્યાગ અને સહિષ્ણુતા જેવા ગુણોનું આરાધન કરવું જોઈએ અને બાળકને એની અનુભૂતિ કરાવવી જોઈએ.

માતા ગર્ભસંવાદની પ્રક્રિયા દ્વારા બાળક સાથે ૐહ્રીં ની જેમ જ્યારે ઈચ્છે ત્યારે સંપર્કમાં રહી શકે છે. બાળક સાથે વાતો કરનારી માતાઓના એવા ઘણા અનુભવો ધ્યાનમાં આવ્યા છે કે જે આ વિજ્ઞાનને સિદ્ધ અને સાકાર કરે છે.

એક પશ્ચિમી ચિંતકે કહ્યું છે, **"Every Child born into this world is a new thougut of God, an ever fresh and radiant possibility."** અને માટે, બાળકના રૂપમાં ભગવાનનું, પરમાત્માનું, દિવ્ય આત્માનું આવાહન કરવું જ ઈષ્ટ છે. નર અને નારી ઉચ્ચ ભાવે, સાત્ત્વિક વિચારે અને યોગ્ય સમયે મળે તો એમનું મિલન દિવ્ય આત્માને જન્મ આપવા સમર્થ બને. બાળક એ કોઈ વાસનાનો પરિપાક તો ન જ હોઈ શકે... એ તો છે બે આત્માનું ઐક્ય... આત્મૈક્યનું પ્રતીક... અદ્વૈત ! અનન્ય !

બાળક ઈચ્છતાં દંપતીએ ગર્ભસંસ્કાર અને ચિત્તશુદ્ધિ કરવાં જોઈએ. એક મહાનુભાવે એક વિશિષ્ટ વાત કહી છે —

**Pregnancy should be by choice and not by chance,**

**it should be by appointment and not by accident.**

અભાનપણે સ્ત્રી ગર્ભ ધારણ કરી લે તેના કરતાં સભાનપણે, યોજનાપૂર્વક, વિચાર અને સંકલ્પના બળ વડે કોઈ આદર્શને મૂર્તિમંત કરી શકે તેવા પાત્રના સર્જન માટે ગર્ભધારણ પ્રક્રિયા થવી એ સમસ્ત મનુષ્યજાતિના હિતમાં છે.

બાવળના વાવેતર દ્વારા કંઈ કેરીનું ફળ મળતું નથી ! પોતાની કૂખમાં ગર્ભ ધારણ કરી રહેલી, માતૃત્વની મહાન પદવીના પ્રાંગણમાં ઊભેલી ધન્ય નારીને જો એ વાતની ખાતરી હોય કે મારી કૂખમાં પાંગરી રહેલો આત્મા એ કોઈ સામાન્ય જીવ નથી, અસાધારણ છે; તે ભોગભ્રષ્ટ નહીં, યોગભ્રષ્ટ દિવ્ય આત્મા જ છે; તે તુચ્છ કક્ષાનો માનવી નહીં, કોઈ ભૂલો પડેલો અવધૂત છે... તો, માતાના આવા સંમોહનયુક્ત ચિંતનના પરિપાકરૂપે જ જન્મે કોઈ હેમચંદ્રાચાર્ય, કોઈ ભામાશાહ, કોઈ જગડુશાહ, કોઈ વિક્રમ, કોઈ વિવેકાનંદ, કોઈ શિવાજી, કોઈ લક્ષ્મીબાઈ કે કોઈ દુર્ગાવતી !

માતાની કુક્ષિ તો એક અદ્ભુત રત્નશાલા છે, જેમાં ધરતીનું એક ઉત્તમ અને અણમોલ આભૂષણ ઘડાઈ રહ્યું છે. જેમ કોઈ શિલ્પી નિર્જીવ પથ્થરમાં પ્રાણ પૂરે અને કુંભકાર પોતાની કલાથી માટીના પિંડને આકાર આપે તેમ માતા પણ પોતાના સંસ્કારમય અભીષ્ટ ચિંતનથી શ્રેષ્ઠ માનવરત્ન સમાજના ચરણે ધરી શકે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, "પતિ-પત્નીની સૌથી મહાન પ્રાર્થના તો આ જગતમાં પ્રચંડ શક્તિથી સભર આત્માનું અવતરણ કરવા માટેની જ હોઈ શકે!"

આચાર્ય રજનીશે કહ્યું છે, "એક દંપતી જ્યારે ઈશ્વરને ઉત્તમ સંતાન માટે પ્રાર્થના કરે છે ત્યારે તેનાં આંદોલનો વાતાવરણમાં ઉપર વિસ્તરે છે અને શ્રેષ્ઠ આત્માઓને તેનાથી સંકેત મળે છે. પતિ-પત્નીની આ ઈચ્છાશક્તિ તેને આકર્ષે છે અને તે અવતરણ માટે પ્રેરિત થાય છે."

આમ, ઉત્તમ આત્માને પોતાની પ્રબળ ઈચ્છાશક્તિથી પોતાનો અંશ બનાવવો અને આવા દિવ્ય આત્માની નવ મહિનાની યાત્રા સુખદ અને સંસ્કારયુક્ત બનાવવી એ માતાની અભીપ્સા અને તપશ્ચર્યા છે... જો પ્રત્યેક માતા પોતાના માટે આવું ભાવવિશ્વ સર્જે તો આ વિશ્વ ભાવથી અને સદ્ભાવથી ઓતપ્રોત થઈ જાય.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એ આકાંક્ષા છે કે ગુજરાતની માતાઓ સમાજના પુનરુત્થાન—કાર્યનું નિમિત્ત બને... શ્રેષ્ઠ નર-નારીરત્નોને જન્મ આપે અને તેજોમય ભાવિનું નિર્માણ કરે.

અમે આવા ભવ્ય ભાવિના નિર્માણનો યજ્ઞ આરંભ્યો છે. ગર્ભવિજ્ઞાનના દિવ્ય અને સૂક્ષ્મ જ્ઞાનનું પ્રત્યક્ષીકરણ યુનિવર્સિટી કરી રહી છે. 'તપોવન સંશોધન કેન્દ્ર' નામનો ગર્ભશિક્ષણનો પ્રકલ્પ યુનિવર્સિટી છેલ્લાં ચાર વર્ષોથી અવિરત ચલાવી રહી છે... જેનાં અદ્ભુત, આશ્ચર્ય પમાડે એવાં પરિણામો સાથે હું ફરી આપની સામે ટૂંક સમયમાં પ્રસ્તુત થઈશ. એ વાંચવાનું ચૂકશો નહીં. 'તેજસ્વી બાળક : તેજસ્વી ભારત' આ મહાન સૂત્રનો નાદ ઘર-ઘરમાં ગૂંજે અને ગુજરાત સમગ્ર વિશ્વનું પથદર્શન કરવાની ઊર્જા મેળવે એવી ભાવના સાથે વિરમું છું.